સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૦૫–૦૧–૨૦૨૬
રજી. તારીખ : ૦૫–૦૧–૨૦૨૬
ફેસલ તારીખ : ૦૨–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.**

**ફો. કે. નં.૩૦/૨૦૨૬**

**આંક–**

ફરીયાદી – શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી – સાજીદભાઈ સબીરભાઈ સર્વદી

રહે.મોરી મસ્જીદ પાસે,બહારપુરા,ધોરાજી.

**ગુન્હો– જુગારધારા કલમ–૧૨(અ) મુજબ.**

---

ફરીયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી જે. વી. જોષી.
આરોપીપક્ષે – વિ.વ.શ્રી એચ.પી.માલવી

---

**// ઠ રા વ //**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ગઈ તા.૨૮/૧૦/૨૦૨૫ ના કલાક–૨૦/૪૫ વાગ્યાથી ૨૧–૧૫ વાગ્યા દરમિયાન મોજે જુનાગઢ રોડ, રીલાયન્સ ટેન્ડસ મોલ પાસે, ધોરાજી ખાતે આરોપીએ જાહેરમાં વર્લીફીચરના આંકડા લખી લઈ પૈસાની લેતીદેતી કરી હારજીતનો નશીબ આધારીત વર્લીફીચરના આંક ફેરનો જુગાર રમી રમાડી ફીચરના આંકડા લખેલ સાહીત્ય તથા ચાલુ હાલતની બોલપેન તથા રોકડ રૂ.૨૨૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી ગુન્હો કર્યાનો આક્ષેપ આરોપી સામે છે. જે સંબંધે શ્રી પો.હેડ કોન્સ.નારણભાઈ કરશનભાઈ પંપાણીયા નાઓએ ફરીયાદ કરતાં જે ફરીયાદ ધોરાજી સીટી. પો.સ્ટે.ગુ.ર.નં.૦૫૨૬/૨૫ થી

તા.૨૮.૧૦.૨૫ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ રજીસ્ટરે લઈ, સદર ગુન્હાની ફરીયાદન તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

**૨.** ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં ગુના વિશે સમજ કરી, આંક-૦૪ થી આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.** ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી નારણભાઇ કરશનભાઇ પંપાણીયાની સોગંદ ઉપરની જુબાની | ૬ |
| ૨ | પંચસાહેદ નિલેશભાઇ હરજીભાઇ ભાસ્કરની સોગંદ ઉપરની જુબાની | ૮ |
| ૩ | પંચસાહેદ પ્રવિણભાઇ પ્રભુદાસ હિંડોચાની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૪ | સાહેદ વાસુદેવસિંહ ઘનશ્યામસિંહ જાડેજાની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૫ | સાહેદ ત.ક.અ.પંકજભાઇ હરજીભાઇ તલસાણીયાની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૭ |
| ૨ | પંચનામુ | ૯ |

૪. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો ભારતીય નાગરીક સુરક્ષા સહીતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીએ ગુનો કર્યાનો ઈનકાર કરેલ છે. વધુમાં આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૫. ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, તા.૨૮/૧૦/૨૦૨૫ ના કલાક–૨૦/૪૫ વાગ્યાથી ૨૧–૧૫ વાગ્યા દરમિયાન મોજે જુનાગઢ રોડ, રીલાયન્સ ટેન્ડસ મોલ પાસે, ધોરાજી ખાતે આરોપીએ જાહેરમાં વર્લીફીચરના આંકડા લખી લઈ પૈસાની લેતીદેતી કરી હારજીતનો નશીબ આધારીત વર્લીફીચરના આંક ફેરનો જુગાર રમી રમાડી ફીચરના આંકડા લખેલ સાહીત્ય તથા ચાલુ હાલતની બોલપેન તથા રોકડ રૂા.૨૨૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી, જુગારધારા કલમ ૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

૬. મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–**

૭. આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. સદર કામે આંક–૦૯ થી રજુ પંચનામાની હકીકતો પુરવાર કરવા પંચસાહેદ નિલેશભાઈ હરજીભાઈ ભાસ્કરને આંક–૦૮ થી તથા પંચસાહેદ પ્રવિણભાઈ પ્રભુદાસ હીંડોચાને આંક–૧૦ થી તપાસેલા છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમિયાન આંક–૦૯ થી પંચનામુ રજુ રાખેલ છે પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર સાહેદોને ફરી ગયેલા જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી ઉલટતપાસમાં સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચસાહેદો પંચનામાની કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ વિગતોને સમર્થન આપેલ નથી. આમ, સદર પંચસાહેદોની જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી. આમ, સદર પંચસાહેદોના પુરાવા આધારે આંક–૦૯ થી રજુ પંચનામા પુરવાર થતુ નથી.

૯. હાલના કામે આંક–૦૬ થી ફરિયાદી નારણભાઈ કરશનભાઈ પંપાણીયા નાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા

જણાવેલ છે કે, ગઈ તા.૨૮.૧૦.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી જુનાગઢ રોડ, રીલાયન્સ ટ્રેન્ડસ મોલ પાસે આવતા ત્યાં એક ઇસમ ચિઠ્ઠીમાં કંઇક લખતો હોય જેથી તેને કોર્ડન કરી તેના હાથમાં રહેલ ચિઠ્ઠીમાં જોતા તેમાં વરલી ફીચરના આંકડા લખેલ હોય જેથી તુરત જ બે રાહદીર પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી પંચો રૂબરૂ નામ પુછતા તેણે પોતાનુ નામ સાજીદભાઇ સબીરભાઇ સર્વદી,રહે.ધોરાજી બહારપુરા, મોરી મસ્જીદ વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઇસમની પંચો રૂબરૂ જડતી કરતા તેની પાસેથી મળી આવેલ ચિઠ્ઠીમાં જુદા જુદા વર્લી ફીચરના આંકડા લખેલ હતા તેમજ મજકુર ઇસમની અંગજડતી કરતા તેની પાસેથી જુદા જુદા દરની ચલણી નોટો પણ મળી આવેલ. આમ સદર ઇસમ વર્લી મટકાના આંકડા લેતો હોય પંચો રૂબરૂ તેને ધોરણસર અટક કરેલ તેમજ પંચનામાની વિગતે વર્લી ફીચરના મટકા લખેલ ચિઠ્ઠી  તથા અન્ય ચીજવસ્તુઓ અને રોકડ રકમ કબજે લીધેલ અને આ મતલબનું વિગતવારનું પંચનામું કરેલ. બાદ મજકુર ઇસમને પો.સ્ટે.લાવી તેઓએ સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ.  પી.એસ.ઓ.એ સદરહું ગુન્હો રજીસ્ટરે લઇ, સદરહ ગુન્હાની આગળની તપાસ પો.હે.કો. પંકજભાઇ હરજીભાઇ તલસાણીયા સોંપેલી. તેઓએ તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના જવાબ નોંધેલા અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોક્ત ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે કહેવાતા પંચો અગાઉ પણ

ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલ છે. કહેવાતો રેઇડ વાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે. આ કામે ત.ક.અ. એ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

**૧૦.** હાલના કામે આંક–૧૧ થી ફરિયાદી વાસુદેવસિંહ ઘનશ્યામસિંહ જાડેજા નાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, ગઈ તા.૨૮.૧૦.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી જુનાગઢ રોડ, રીલાયન્સ ટ્રેન્ડસ મોલ પાસે આવતા ત્યાં એક ઈસમ ચિઠ્ઠીમાં કંઈક લખતો હોય જેથી તેને કોર્ડન કરી તેના હાથમાં રહેલ ચિઠ્ઠીમાં જોતા તેમાં વરલી ફીચરના આંકડા લખેલ હોય જેથી તુરત જ બે રાહદીર પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી પંચો રૂબરૂ નામ પુછતા તેણે પોતાનુ નામ સાજીદભાઇ સબીરભાઇ સર્વદી,રહે.ધોરાજી બહારપુરા, મોરી મસ્જીદ વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઇસમની પંચો રૂબરૂ જડતી કરતા તેની પાસેથી મળી આવેલ ચિઠ્ઠીમાં જુદા જુદા વર્લી ફીચરના આંકડા લખેલ હતા તેમજ મજકુર ઇસમની અંગજડતી કરતા તેની પાસેથી જુદા જુદા દરની ચલણી નોટો પણ મળી આવેલ. આમ સદર ઇસમ વર્લી મટકાના આંકડા લેતો હોય પંચો રૂબરૂ તેને ધોરણસર અટક કરેલ તેમજ પંચનામાની વિગતે વર્લી ફીચરના મટકા લખેલ ચિઠ્ઠી તથા અન્ય ચીજવસ્તુઓ અને રોકડ રકમ કબજે લીધેલ અને આ મતલબનું વિગતવારનું પંચનામું કરેલ. બાદ મજકુર ઇસમને પો.સ્ટે.લાવી પો.હે.કો.નારણભાઈ કરશનભાઈ પંપાણીયા નાઓએ સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ. પી.એસ.ઓ.એ સદરહું ગુન્હો રજીસ્ટરે લઈ, સદરહ ગુન્હાની આગળની તપાસ પો.હે.કો. પંકજભાઇ હરજીભાઇ

તલસાણીયા સોંપેલી. તેઓએ તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના જવાબ નોંધેલા અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોક્ત સાહેદની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે કહેવાતા પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલ છે. કહેવાતો રેઇડ વાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે. આ કામે ત.ક.અ. એ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

**૧૧.** હાલના કામે આંક–૧૨ થી સાહેદ ત.ક.અ.પંકજભાઇ હરજીભાઇ તલસાણીયા નાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, ગઈ તા.૨૮.૧૦.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી જુનાગઢ રોડ, રીલાયન્સ ટ્રેન્ડસ મોલ પાસે આવતા ત્યાં એક ઇસમ ચિઠ્ઠીમાં કંઇક લખતો હોય જેથી તેને કોર્ડન કરી તેના હાથમાં રહેલ ચિઠ્ઠીમાં જોતા તેમાં વરલી ફીચરના આંકડા લખેલ હોય જેથી તુરત જ બે રાહદીર પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી પંચો રૂબરૂ નામ પુછતા તેણે પોતાનુ નામ સાજીદભાઈ સબીરભાઇ સર્વદી,રહે.ધોરાજી બહારપુરા, મોરી મસ્જીદ વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઇસમની પંચો રૂબરૂ જડતી કરતા તેની પાસેથી મળી આવેલ ચિઠ્ઠીમાં જુદા જુદા વર્લી ફીચરના આંકડા લખેલ હતા તેમજ મજકુર ઇસમની અંગજડતી કરતા તેની પાસેથી જુદા જુદા દરની ચલણી નોટો પણ મળી આવેલ. આમ સદર ઇસમ વર્લી મટકાના આંકડા લેતો હોય પંચો રૂબરૂ તેને ધોરણસર અટક કરેલ તેમજ પંચનામાની વિગતે વર્લી ફીચરના

મટકા લખેલ ચિઠ્ઠી  તથા અન્ય ચીજવસ્તુઓ અને રોકડ રકમ કબજે લીધેલ અને આ મતલબનું વિગતવારનું પંચનામું કરેલ. બાદ મજકુર ઈસમને પો.સ્ટે.લાવી પો.હે.કો.નારણભાઈ પંપાણીયા નાઓએ સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ. પી.એસ.ઓ.એ સદરહું ગુન્હો રજીસ્ટરે લઈ, સદરહ ગુન્હાની આગળની તપાસ તેઓને સોંપેલી. તેઓએ તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના જવાબ નોંધેલા અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોક્ત ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે કહેવાતા પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલ છે.  કહેવાતો રેઈડ વાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે. આ કામે તેઓએ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

**૧૨.** વધુમાં, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં, સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદોના પુરાવાથી અગર તો અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. હાલના કામે ફરીયાદપક્ષે એવો કોઈ સીધો, શંકારહિત, સ્પષ્ટ, સ્વતંત્ર પુરાવો રજુ રાખેલ નથી કે, તા.૨૮/૧૦/૨૦૨૫ ના કલાક–૨૦/૪૫ વાગ્યાથી ૨૧–૧૫ વાગ્યા દરમિયાન મોજે જુનાગઢ રોડ, રીલાયન્સ ટેન્ડસ મોલ પાસે, ધોરાજી ખાતે આરોપીએ જાહેરમાં વર્લીફીચરના આંકડા લખી લઈ પૈસાની લેતીદેતી કરી હારજીતનો

નશીબ આધારીત વર્લીફીચરના આંક ફેરનો જુગાર રમી રમાડી ફીચરના આંકડા લખેલ સાહીત્ય તથા ચાલુ હાલતની બોલપેન તથા રોકડ રૂા.૨૨૦/–ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તે રીતે આરોપીએ ગુન્હો આચરેલ હોય. તેમજ સદર કામે આરોપી તરફે આંક–૫ થી નોકલેઇમ પુરશીસ રજુ રાખી જણાવેલ છે કે, આ કામમાં કબજે લેવાયેલ મુદ્દામાલ અંગે કલેઇમ કરતા નથી તેમજ ભવિષ્યમાં કલેઇમ કરીશુ નહી તેમજ તે અંગે કોઈ વાંધો કે તકરાર નથી તેવુ જાહેર કરેલ હોય જેથી મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ જુદા જુદા દરની ચલણી નોટો સરકાર ખાતે ધોરણસર જમા કરાવવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય આવે છે. તેમજ અન્ય મુદ્દામાલનો ધોરણસર નિકાલ કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય. જેથી, ઉપરોકત તમામ ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ **"નકારમાં"** આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## // હુ ક મ //

**૧.** આરોપી સાજીદભાઈ સબીરભાઈ સર્વદી, રહે.મોરી મસ્જીદ પાસે, બહારપુરા,ધોરાજી નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ, આ કામે આંક–૨ ની મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ જુદા જુદા દરની ચલણી નોટોનો ધારા–ધોરણસર સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે અને અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવા હુકમ કરવામાં આવે

છે.

3. આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તારીખઃ–૦૨ માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

સ્થળઃ-ધોરાજી.
તા. ૦૨/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)